બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી ૨૦૧૯ પાંચમાં રાઉન્ડના PML-2 અન્વયે વાંધા અરજી રજુ કરવા સંદર્ભે ઉમેદવારો માટેની સૂચનાઓ

1) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી ૨૦૧૯ પાંચમાં રાઉન્ડ સંબંધિત PML-1ની જાહેરાત અન્વયે ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન તા.૦૧/૧૦/૨૦૨૦ થી તા.૦૮/૧૦/૨૦૨૦ દરમ્યાન કરવામાં આવેલ છે. ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઉમેદવારો દ્વારા ઓનલાઇન અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો અને તેઓ દ્વારા વેરિફિકેશન સમયે રજુ થયેલ અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રકો/દસ્તાવેજોની વિગતોની ચકાસણી કરવામાં આવેલ, ચકાસણી બાદ ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઉપસ્થિત રહેલા ઉમેદવારો પૈકી જે ઉમેદવારોના ફોર્મ રદ કરવામાં આવેલ છે તેની યાદી પત્રક-અ થી મુકેલ છે અને જે ઉમેદવારોના કિસ્સામાં ગુણાંકન કે અન્ય કોઇ બાબતે ફેરફાર કરવામાં આવેલ હોય તેની યાદી પત્રક-બ પર મૂકેલ છે.
2) તેમજ ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં ઉપસ્થિત રહેલ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશન બાદ માન્ય કરેલ, રદ કરેલ તથા સુધારેલ અરજીઓની વિગતોના આધારે PML-1 માં જરૂરી સુધારા ધ્યાને લઈ PML-2 આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.
3) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી ૨૦૧૯ પાંચમાં રાઉન્ડના PML-2 અન્વયે સંબંધિત ઉમેદવારો પોતાની વાંધા અરજીઓ તા.૦૨/૧૧/૨૦૨૦ ના રોજ 11.00 કલાક થી તા.૦૬/૧૧/૨૦૨૦ ના રોજ 16.00 કલાક સુધી સરદાર વલ્લભ પટેલ વિદ્યાલય સેક્ટર-૭, ગાંધીનગર ખાતે રજુ કરી શકશે. (દરરોજ 11.00 થી 16.00 કલાક દરમ્યાન)
4) વાંધા અરજીઓ મળ્યા બાદ વાંધા અરજીઓની ચકાસણી કરી ફાઈનલ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે. સબબ પ્રસિદ્ધ કરવામાં આવેલ PML-2 ફેરફારને આધીન છે.
5) PML-2 માં સમાવિષ્ટ થવાથી નોકરી મેળવવા માટેનો ઉમેદવારનો હક્ક પ્રસ્થાપિત થતો નથી.
6) કોઈપણ પ્રકારની રજૂઆત માટે ઉમેદવારોએ પોતે સરદાર વલ્લભ પટેલ વિદ્યાલય સેક્ટર-૭, ગાંધીનગર ખાતે રૂબરૂમાં વાંધા અરજી આપવાની રહેશે. કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર ખાતે કોઈ પણ ઉમેદવારે રજુઆત અર્થે આવવું નહીં. તેમ છતાં જો કોઈ ઉમેદવાર રજુઆત કરવા આવશે તો શિસ્તભંગ ગણી તેવા ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે.
7) ઉમેદવારે વાંધા અરજીમાં પોતાનું નામ, વિષય, માધ્યમ, અરજી નંબર અને ટાટ નંબર, મોબાઈલ નંબર અચૂક દર્શાવવાનો રહેશે. વિગતો વગરની વાંધા અરજી દફ્તરે કરવામાં આવશે.
8) ઉમેદવારે વાંધા અરજીમાં પોતાનો વાંધો સ્પષ્ટ રીતે રજુ કરવાનો રહેશે તથા વાંધા અન્વયે આનુસંગીક આધારોની અસલ તથા સ્વપ્રમાણિત નકલ ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટર પર ફરજિયાત પણે રજુ કરવાની રહેશે.
9) સૂચવેલ સ્થળે અને સમયે રજુ ન થયેલ વાંધા તેમજ સદર કચેરીને ટપાલ, કુરીયર કે રજી.એ.ડી. કે ઈ-મેઈલ મારફતે મળેલ અરજીઓ દફ્તરે કરવામાં આવશે.
10) ઉમેદવારોએ COVID-19 મહામારી અંગે સરકારશ્રી દ્વારા અપાયેલ વખતોવખતની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
11) ઉમેદવારે વાંધા અરજીઓ સૂચવેલ સમયે અને સ્થળે તમામ આનુસંગીક આધારો સહ રૂબરૂમાં રજુ કરવાની રહેશે. તેમ છતાં જો ઉમેદવાર COVID-19 પોઝીટીવ હોય/ક્વોરન્ટાઈન/કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોય તો ઉમેદવારે સૂચવેલ સમયે અને સ્થળે તમામ આનુસંગીક આધારો સહ અન્ય કોઈ વ્યક્તિને પોતનો ઓથોરીટી લેટર આપી મોકલી શકશે.